# સાચી કેળવણી

– તોરલ જોષી

મગુ મરઘી એના ખેદાનમેદાન થઈ ગયેલા ઘરના કાટમાળ પાસે બેઠી બેઠી રડતી હતી. આ વખતે ત્રીજી વાર પણ કોઈ જગલી જાનવરે એના બને બચ્ચાને મારી નાખ્યા હતા અને એનુ ઘર તોડી નાખ્યુ હતુ.

ગયા વર્ષે પણ આવુ જ બન્યુ હતુ. મગુની બહેનપણી બકુ બતક બહુ બીમાર પડી ગઈ હતી. મગુ એની ખબર પૂછવા ગઈ હતી, ત્યારે પાછળથી ભીખુ લોકડાએ આવીને એનુ ઘર તોડીફોડી નાખ્ય હતુ અને ઘર બહાર રમતા મગુના બને બચ્ચાને ખાઈ ગયો હતો.

એ વખતે મગુએ ઘણા પશુ–પખીઓની આગળ ફરિયાદ રજૂ કરી હતી. પણ બદમાશ ભીખુ વિરુદ્ધ કાઈ એક શબ્દ પણ બોલી શક્યુ નહોતુ. આ વખતે પણ બચ્ચા ખોઈ બેસવાથી મગુ ખૂબ દુ:ખી થઈ ગઈ હતી. એણે નિરાશ થઈને આપઘાત કરવાનો નિર્ણય કરી લીધો. એ રડતી રડતી ઉદાસ ચહેરે જગલ બહાર આવેલી રેલવેલાઈન તરફ ચાલી નીકળી. મગુએ આજે ગાડી નીચે કપાઈને મરી જવાનુ નક્કી કરી લાધુ હતુ.

એ ચાલતા ચાલતા ઘણી દૂર નીકળી ગઈ. રસ્તામા એ જગ્યાએ ઉદરના બે નાના નાના બચ્ચા મોજથી રમતા હતા. એમનાથી થોડે દૂર જ એક મોટી બિલાડી તડકામા બેસી ઠડી ઉડાડતી હતી.

મગુને આ દૃશ્ય જોઈ બહુ નવાઈ લાગી. આજ સુધી તો એણે એવુ જ સાભળ્યુ હતુ કે બિલાડીનુ મો જોવાનુ તો દૂર રહ્યુ, એનુ નામ સાભળતા જ ઉદરોના મોતિયા મરી જાય છે, જ્યારે અહીં તો સ્થિતિ કઈક જુદી જ હતી.

નાના નાના ઉદરોના મો પર ડરનુ જાણે નામનિશાન નહોતુ. તેઓ લહેરથી કૂદાકૂદ કરતા હતા. એ જ વખતે ટાપીને બેઠેલી બિલાડીએ ઉદરોને પકડવા દોટ મૂકી, પણ બને બચ્ચા તો સાવધાન હતા. તેઓ સડસડાટ જુદા જુદા દરમા ઘુસી ગયા.

બિલાડીબાઈ મન મારીને બેસી રહ્યા. થોડી વારમા ઉદરના બચ્ચા ફરી પાછા આવીને જાણે  કઈ બન્યુ જ ન હોય તેમ રમવા માડયા. મગુ પહેલાની જેમ જ બધુ જોઈને આભી બની ગઈ. તેને આવા નીડર ઉદરના બચ્ચા જોઈ બહુ નવાઈ લાગી. થોડી વાર માટે તો મનમાથી મરવાનો વિચાર દૂર થઈ ગયો.

મગુએ ઉદરના બચ્ચાને આવી રીતે નિર્ભયતાથી હરતા ફરતા જોઈને તેનુ કારણ



બચ્ચાની માને જ પૂછવાનુ નક્કી કર્યું. એણે એક બચ્ચાને પૂછ્ય, ‘તમારી મમ્મી ક્યા છે, બેટા ?’

‘એ તો બજારે ગઈ છે.’

‘તો તમે લોકો અહીં એકલા રમો છો ?’

‘હાસ્તો.....પણ તમે આ બધુ શા માટે પૂછો છો ?’

એટલામા એ ઉદરોની મા બજારેથી આવી પહોચી. મગુએ એને પૂછ્ય, ‘બહેન, તમે બજારે જાવ છો ત્યારે તમારા નાના નાના બચ્ચાને બિલાડી મારી નાખશે એવો જરાય ડર નથી લાગતો ?’

ઉદરડી હસીને બોલી, ‘બહેન, આખો દિવસ તો હુ મારા બચ્ચાનુ ધ્યાન થોડી જ રાખી શકવાની છુ ? એટલે મે તો એમને પોતાનો બચાવ પોતાની મેળે જ કરી લે છે.’ એટલે હુ સાવ નિશ્ચિત થઈને મારા કામ કરી શકુ છુ.’

‘બહેન, મને સાચો માર્ગ બતાવવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર. હવે હુ જાઉ, હજી ઘણા કામ  પડયા છે.’ કહીને મગુ પોતાના ઘર તરફ પાછી વળી.

નિરાશામાથી ઊગરી ગયેલ મગુ પોતાનુ તોડીફોડી નાખેલુ ઘર ફરી સરખુ કરવામા લાગી ગઈ. આજથી એને જાણે એક નવી જિદગી મળી હતી. એને પોતાની સમસ્યાનો ઉકેલ મળી ગયો હતો. એણે પણ નક્કી કર્યું કે એ પોતાના બચ્ચાને નીડર સાહસિક બનાવશે અને તકલીફનો સામનો કરતા શીખવશે, જેથી કોઈ જગલી પ્રાણી એમને સતાવી ન શકે.

■